# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 30-08-2026 Day: Sunday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **તૌફિક સમા** વાંચે છે.

---

## PM – મન કી બાત:

**પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે સવારે 11 વાગ્યે ઓલ ઈન્ડિયા રેડિયોના "મન કી બાત" કાર્યક્રમમાં ભારત અને વિદેશના લોકો સાથે પોતાના વિચારો રજૂ કરશે. આ માસિક રેડિયો કાર્યક્રમનો 137મો એપિસોડ હશે. હિન્દીમાં મન કીબાતના પ્રસારણ બાદ ગુજરાતીમાં તેનો ભાવાનુવાદ પ્રસારિત કરાશે.**

**આ કાર્યક્રમ આકાશવાણી અને દૂરદર્શનના સમગ્ર નેટવર્ક, આકાશવાણી ન્યૂઝ વેબસાઇટ અને ન્યૂઝ ઓન એર મોબાઇલ એપ્લિકેશન પર પ્રસારિત કરાશે. આકાશવાણી સમાચાર, દૂરદર્શન સમાચાર, પીએમઓ અને માહિતી અને પ્રસારણ મંત્રાલયની યુટ્યુબ ચેનલો પર પણ તેનું જીવંત પ્રસારણ કરાશે.**

**મન કી બાત કાર્યક્રમ અંગેનું વિશેષ કચ્છી બુલેટીન આકાશવાણીના ભુજ કેન્દ્ર પરથી આજે સાંજે 7 વાગીને 5 મિનિટે પ્રસારીત કરાશે.**

**-----------------------------------------------------------------------------------------------**

## નેપાળ પુર:

**નેપાળમાં આવેલા વિનાશક પૂરમાં મૃત્યુઆંક વધીને 626 થઈ ગયો છે, જ્યારે 2,000 થી વધુ લોકો હજુ પણ ગુમ છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી ચાલી રહી છે. બચાવેલા લોકોને સુરક્ષિત સ્થળોએ ખસેડવામાં આવી રહ્યા છે. વિદેશ મંત્રાલયે જણાવ્યું છે કે 320 ભારતીય નાગરિકો હજુ પણ સંપર્કવિહોણા છે. પૂર દુર્ઘટના બાદ નેપાળમાં અત્યાર સુધીમાં 88 ભારતીય નાગરિકોને બચાવી લેવામાં આવ્યા છે.**

નેપાળ સરકારે આ કટોકટીની ઘડીમાં ભારતની તાત્કાલિક સહાય માટે પ્રશંસા વ્યક્ત કરી છે. નેપાળે ભારતના પ્રયાસોની પ્રશંસા કરી અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને ઉદાર ગણાવ્યા. નેપાળના નાણામંત્રીએ જણાવ્યું હતું કે પૂર પછી ભારતથી ખાસ પુરવઠો હવાઈ માર્ગે મોકલવામાં આવ્યો હતો, અને ભારતે પુનર્નિર્માણ માટે સહાયનો સંકેત આપ્યો છે.

---

## રાજ્યપાલ- સ્પોર્ટસ ડે:

રાજ્યપાલ આચાર્ય દેવવ્રતે યુવાનોના સર્વાંગી વિકાસ માટે રમતગમતને અનિવાર્ય ગણાવ્યું. અમદાવાદમાં એક કાર્યક્રમને સંબોધતા રાજ્યપાલશ્રીએ કહ્યું, આજના સમયમાં મોબાઈલની લત બાળકોના ભવિષ્યને નુકસાન પહોંચાડી રહી છે. તેમાંથી બહાર નીકળવાનો શ્રેષ્ઠ માર્ગ રમતના મેદાનો છે. આ પ્રસંગે તેમણે કુરુક્ષેત્ર ગુરુકૂળના પોતાના અનુભવ પણ યાદ કર્યા હતા.

---

## કૃષિ યાંત્રિકરણ યોજના:

રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી યાંત્રિકરણ યોજના હેઠળ કૃષિ સાધનોની ખરીદી માટે ખેડૂતોને અપાયેલી મુદતમાં 15 દિવસનો વધારો કરાયો. આ અંગે કૃષિમંત્રી જીતુ વાઘાણીએ કહ્યું, ખેડૂતો, ધારાસભ્યો અને સંસદસભ્યો સહિતના આગેવાનોની રજૂઆતને ધ્યાને રાખી સરકારે નિર્ણય કર્યો છે. સાથે જ તેમણે ઉત્પાદકોને સમયસર સાધનો પહોંચાડવા પણ અપીલ કરી.

---

## DNT-મુક્તિ દિવસ:

સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રી ડૉક્ટર પ્રદ્યુમન વાજાએ વિચરતી-વિમુક્ત જાતિઓના સર્વાંગી ઉત્કર્ષ અને આત્મનિર્ભરતા માટે સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

ગાંધીનગરમાં **DNT** એટલે કે, વિમુક્ત જાતિઓના મુક્તિ દિવસ નિમિત્તે યોજાયેલા વિશેષ સમારંભને સંબોધતા શ્રી વાજાએ તમામને વિકસિત સમાજના નિર્માણ માટે પાંચ સંકલ્પ લેવડાવ્યા. તેમણે યુવાનોને ડિજિટલ યુગમાં મોબાઈલ અને ઇન્ટરનેટનો ઉપયોગ નવી ટૅક્નોલૉજી, કૃત્રિમ બુદ્ધિમત્તા – **A.I.** અને ડિજિટલ કૌશલ્ય શીખીને આત્મનિર્ભર બનવા આહ્વાન કર્યું.

---------------------------------------------------------------------------------------------------

## કચ્છ-એસ.ટી.ફાળવણી:

રક્ષાબંધન પર્વ નિમિત્તે રાજ્ય સરકાર દ્વારા રાજ્યમાં અલગ-અલગ જિલ્લામાં **101** નવી એસટી બસનું લોકાર્પણ થયું, એમાં કચ્છને **7** નવી એસ.ટી. બસ ફાળવવામાં આવી છે. એસ.ટી.ના સત્તાવાર સૂત્રોએ આપેલી વિગત મુજબ, રક્ષાબંધનના નાયબ મુખ્યમંત્રીના હસ્તે ગાંધીનગરમાં યોજાયેલા કાર્યક્રમમાં નવી બસોને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું, જેમાં કચ્છને મળેલી સાત બસમાં ભુજ ડેપાને **4**, મુંદરા ડેપોને **2** અને એક રાપર ડેપોને ફાળવવામાં આવી છે. આ અગાઉ પણ સતત કચ્છને બસો ફાળવવામાં આવતી રહી છે અને ચાલુ વર્ષ દરમિયાન કચ્છ એસટીને મળેલી નવી બસનો કુલ આંક  કુલ **40**નો થયો છે.

---------------------------------------------------------------------------------------------------

## સ્ટેમ્પ ક્વિઝ:

રાજ્ય સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના નેજા હેઠળ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી દ્વારા નેશનલ સ્ટેમ ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરાયું હતું, જેમાં સારસ્વતમ્ મસ્કા હાઈસ્કૂલમાંથી મા. વિભાગના એક અને ઉચ્ચ માધ્યમિક વિભાગના સાત મળી કુલ **8** વિદ્યાર્થીની ઝોન કક્ષાની સ્પર્ધા માટે પસંદગી થઈ હતી.

ભુજ સાયન્સ સેન્ટર ખાતે યોજાયેલી ઝોન કક્ષાની સ્પર્ધામાં મસ્કા હાઈસ્કૂલના મોતા શ્રેયાએ પ્રથમ ક્રમ, જ્યારે જોષી અર્જુન  દ્વિતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો.બંને વિદ્યાર્થીએ માંડવી તાલુકાનું પ્રતિનિધિત્વ કરતા અમદાવાદ સાયન્સ સિટી ખાતે યોજાયેલી રાષ્ટ્રીય કક્ષાની સ્ટેમ ક્વિઝ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

---

## પુર્વ સૈનિકો માટે-ડિઝીટલ અવરનેસ કાર્યક્રમ:

**જિલ્લાના પૂર્વ સૈનિક સમુદાય માટે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી ભુજ તથા આઇસીઆઇસીઆઇ બેંક ભુજના સંયુક્ત ઉપક્રમે એક ડિજિટલ અવેરનેસ આઉટરીચ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જાગૃતિ કાર્યક્રમમાં ઉપસ્થિત પૂર્વ સૈનિકો, તેમના ધર્મપત્નીઓ અને આશ્રિત પેન્શનરોને `સ્પર્શ' પેન્શન પ્રણાલી અંગે માહિતી આપવામાં આવી હતી. ડિફેન્સ પેન્શન એકાઉન્ટ વિશેની સરળ સમજ અને સરકારની અન્ય વિવિધ કલ્યાણકારી યોજનાઓથી સૌને માહિતગાર કરવામાં આવ્યા હતા. પેન્શનરોને ડિજિટલ ફ્રોડ શું છે, તેનાથી કેવી રીતે સાવચેત રહેવું અને જો સંજોગોવશાત ડિજિટલ ફ્રોડનો ભોગ બનાય તો ક્યાં અસરકારક પગલાં લેવાં તે અંગે પૂરતું માર્ગદર્શન પૂરૂં પાડયું હતું.**

---